અપીલ અરજી નં.૪૯ તા.૨૭–૫–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અજય રામદાસ જાધવ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અજય રામદાસ જાધવની તા.૧૩–૪–૦૯ ની અરજીથી શહેર વિકાસ અધિકારીની કચેરી ધ્વારા તા.૨૦–૮–૧૯૮૬ ના રોજ મોજે કપોદ્રા રે.સ.નં.૨૮/૧ પૈકી માટે ટીડીઓ/૪૫ થી રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેના પાવરદાર શ્રી ઝીયાઉદીન અબ્દુલ હમીર શેખ તે હવાબીબી વિગેરેના પાવરદારના નામે આપવામાં આવેલ છે તે પાવરદાર/કુલમુખત્યાર નામાંની નકલ આપવા બાબત.
**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨૭–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૯/૨૦૦૯–૧૦

શ્રી અજય રામદાસ જાધવની તા.૧૩–૪–૦૯ ની અરજીથી શહેર વિકાસ અધિકારીની કચેરી ધ્વારા તા.૨૦–૮–૧૯૮૬ ના રોજ મોજે કપોદ્રા રે.સ.નં.૨૮/૧ પૈકી માટે ટીડીઓ/૪૫ થી રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેના પાવરદાર શ્રી ઝીયાઉદીન અબ્દુલ હમીર શેખ તે હવાબીબી વિગેરેના પાવરદારના નામે આપવામાં આવેલ છે તે પાવરદાર/કુલમુખત્યાર નામાંની નકલ આપવા બાબતે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૪ તા.૨૦–૪–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૨ તા.૪–૬–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને અપીલના દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણા અંગે પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ /આ.નં.૧૪ તા.૧૧–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગત મળેલ છે જેમાં અરજદારની મુળ અરજી, ટીડીઓ/૪૫ તા.૨૦–૮–૮૬ ની રજાચિઠ્ઠીની નકલ તથા નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૪ તા.૨૦–૪–૦૯ ની અરજદારને આપેલ માહિતીની નકલ પૂરી પાડેલ છે. જયારે અરજદાર તરફથી તા.૯–૬–૦૯ નો રજૂઆત પત્ર, નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭૯ તા.૨–૪–૦૯ થી આપેલ માહિતીની નકલ નં.ઈ.ઝેડ/૧૪ તા.૨૦–૪–૦૯ , અરજી ફી ભર્યાની પહોંચ ટીપીઓ/૪૫ તા.૨૦–૮–૮૬ ની નકલ વિગેરે માહિતી અત્રેના વિભાગને રજૂ કરેલ છે.

અરજદારે અપીલ અરજીમાં તા.૧૩–૪–૦૯ ની અરજી જણાવી કરેલ અપીલ બાબતે તેમની તા.૨૫–૩–૦૯ ના રોજની મુળ અરજી આઈ ડી. નં.૧૪૫૪ તા.૨૫–૩–૦૯ થી સેન્ટ્રલ ઝોન ખાતેથી ટાઉન પ્લાનર શહેર વિકાસ વિભાગને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૬૪૨ તા.૨૬–૩–૦૯ ના રોજ તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૮૮ તા.૮–૪–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) હેઠળ ઠરાવેલ દિન–૫ ની સમય અવધિ બાદ લગભગ સપ્તાહ ઉપરાંતના વિલંબથી અરજી તબદીલ થયેલ છે જેનો આઈ ડી. નં.૧૪ તા.૧૩–૪–૦૯ આપવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૨૦–૮–૧૯૮૬ ના રોજ મોજે કપોદ્રા રે.સ. નં.૨૮/૧ પૈકી માટે ટીડીઓ/૪૫ ની રજાચિઠ્ઠી આવપામાં આવેલ છે તેમાં પાવરદાર શ્રી ઝીયાઉદ્દીન અબ્દુલ હમીદ શેખ તે હવાબીબી વગેરેના પાવરદારના નામે આપવામાં આવેલ છે તે પાવરનામા/કુલમુખત્યારનામાની નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૪ તા.૨૦–૪–૦૯ થી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનએ " અત્રેનો રેકર્ડ ચકાસતાં માંગ્યા મુજબની વિગતો ઉપલબ્ધ નથી આથી આપી શકાય તેમ નથી." તેવો જવાબ અરજદારને આપવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭૯ તા.૨–૪–૦૯ ની જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્રની નકલ રજૂ કરેલ છે જેમાં અરજદારને ટીપી સ્કીમ નં.૧૬ કપોદ્રા ફા.પ્લોટ નં.૨૮ ના મંજુર પ્લાનમાં મંજુર અર્થે રજૂ કરેલ પુરાવામાં અરજદારે અત્રે પાવર ઓફ એટર્નીની બે નકલો અત્રેના શહેર વિકાસ વિભાગમાં જમાં કરાવેલ છે જે બંને નકલો ઓફિસર સમય દરમ્યાન ૪ થી ૬ કલાકે ચકાસણી અર્થે આવી શકો છો અથવા તો નિયમ અનુસારની ફી જમાં કરાવ્યેથી નકલ મેળવી શકો છો તેવું જાહેર માહિતી અધિકારીએ પત્રમાં જણાવેલ છે. આ રીતે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ બંને પત્રમાં માહિતી અંગે વિસંગતતા જણાયેલ છે. તદઉપરાંત બંને પક્ષકારોએ રજૂ કરેલ રજાચિઠ્ઠીની નકલમાં પણ ઝીયાઉદ્દીન તે હવાબીબીના કુલમુખત્યારનો ઉલ્લેખ જણાય છે. જે રજાચિઠ્ઠી જાહેર સત્તા મંડળ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈસ્યુ થયેલ સ્પષ્ટ થાય છે. આમ જાહેર માહિતી અધિકારીના તા.૨–૪–૦૯ ના પત્ર અનુસાર બે પાવર ઓફ એટર્નીની નકલ હોવાનું તેમણે સ્વીકારેલ છે તે સંજોગોમાં બીા પાવર ઓફ એટર્નીની નકલ મેળવવાની અરજદારની રજૂઆત તાર્કીક જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે અરજદારને લાગત ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડી બીજા પાવર ઓફ એટર્નીની નકલ અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.
અરજદારની તપાસ અંગેની માંગણી કાર્યવાહીને લગતી હોય તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા તેઓ સ્વતંત્ર છે.

**નં.આરટીઆઈસેલ/**
**તારીખ : –૬ – ૦૯**

**ડે.કમિશ્નર(જનરલ)**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અજય રામદાસ જાધવ,